જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૮/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૧૬૭૯/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૩૨ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૨૦૨ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૨૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૬૮૦/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૮૧/૧૭</u>**

**કાલુપુર :** સંજયભાઇ અશોકભાઇ રતવાણી (ઉ.વ.૩૪)(રહે,ક્રિષ્ણાપાર્ક સોસાયટી, નાના ચિલોડા) એ તા.૨૦/૮/૧૭ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે છેલ્લા ત્રણેક માસથી તા.૦૪/૦૮/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન સંજયભાઇની દુકાનમાં નોકરી કરતા તેમનાં ભાઇનાં સાળા આરોપી મુકેશભાઇ મનુભાઇ ચેલાણી (રહે,એ-વોર્ડ કુબેરનગર) નાએ સંજયભાઇની કાલુપુર રિલીફ રોડ મુર્તિમંત કોમ્પલેક્ષમાં ભોયરામાં આવેલ દુકાન નંએલ-૩૫ “એન.વી.સ્ટોર્સ” નામની દુકાનનાં કાઉન્ટરમાંથી ધંધાના વકરાના આશરે રૂપિયા ૪,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગયેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.મેઘલાતર ચલાવે છે.

<u>સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-</u> <u>સમાચાર યાદી નં.૧૬૮૨/૧૭</u>

**ગુજરાત યુનિવર્સીટી :** કિરણકુમાર જયંતીલાલ સોની (ઉ.વ.૫૭)(રહે,સફલ એપાર્ટમેન્ટ, નારણપુરા) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૮/૧૭ નાં કલાક ૭/૦૦ વાગ્યાનાં સુમારે દેવકીનંદન દેરાસર પાસે આવેલ મમતા નોવેલ્ટી સ્ટાફની સામે રોડ ઉપરથી પસાર થતા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ (૩૫ થી ૪૦ વર્ષનાં આશરાના) કિરણકુમાર નાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- મતાની ખેંચી તોડી લઇ નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એસ.ચંપાવત ચલાવે છે.

<u>દાઝી જતાં મૃત્યુ:-</u> <u>સમાચાર યાદી નં.૧૬૮૩/૧૭</u>

**સરદારનગર :** નરેશા દલુમલ ગુરનાણી (ઉ.વ.૨૨)(રહે, ભીંડી બજાર, રમાપીર મંદીરની પાછળ, નહેરૂનગર કુબેરનગર સરદારનગર) તા.૧૮/૦૮/૧૭ રાતના ૧૧/00 વાગે સુતા-સુતા બીડી પીતા ગોદડામાં આગ લાગતા દાજી જતા, સારવાર દરમ્યાન તા.૨૦/૦૮/૧૭ ના કલાક 00/૧૫ વાગે તેમનું મૃત્યુનિપજ્યુ હતુ. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જયેન્દરર્સિંહ લાલસિહ ચલાવે છે.

<u>છત ઉપરથી પડી જતાં મૃત્યુ:-</u> <u>સમાચાર યાદી નં.૧૬૮૪/૧૭</u>

**નિકોલ :** જયંતિભાઇ પોપટભાઇ દેવાણી (ઉ.વ.૫૧)(રહે,ચાણકયપાર્ક સોસાયટી, સ્વામીનારાયણ સોસાયટી નિકોલ) તા.૨૦/૦૮/૧૭ બપોરના ૩/30 વાગ્યાનાં સુમારે પોતાના મકાનની છતમાં પાણી લીકેજ હોવાથી, પાઇપ ફીટીંગ કરતી વખતે, જોળો ટુટતા નીચે પડી જતા, માથાના ભાગે તથા શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે હોસ્પીટલ લઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ જયંતિભાઇને મૃતજાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ચીમનસિંહ ગુલાબસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.